# અગત્યનું

તા. ૨૫/૧૨/૨૦૨૨.

પ્રતિ,

તમામ સભ્યશ્રીઓ,

અમદાવાદ મેડિકલ એસોસિએશન

વિષય: કોવીડ ૧૯ રોગચાળા અન્વયે કામગીરી કરવા બાબત.

સંદર્ભ: અધિક નિયામક (આરોગ્ય) ના પત્ર ક્રમાંક નંબર/ઈપીસી-૧૬/કોવિડ-૧૯/કામગીરી બાબત/૨૦૦૧૮/૧૦૯૩.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે અન્વયે અમદાવાદ મેડિકલ એસોસિએશન ના તમામ સભ્યો શ્રી ને જણાવવાનું કે આ પત્ર સાથે જોડેલ સરકારશ્રીનો પત્ર અન્વયે મળેલ સૂચના નું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે આ સાથે સંદર્ભમાં દર્શાવેલ પત્ર સામેલ છે સદર સુચના અને હવે પછી સરકારશ્રી દ્વારા કોવિડ ૧૯ અન્વયે કરવામાં આવતા તમામ સૂચનો માટે અમદાવાદ મેડિકલ એસોસિએશન ના face book અને instagram એકાઉન્ટ ને ફોલો કરશોજી અને દરરોજ પેજની મુલાકાત લેવા વિનંતી છે.

આભાર સહ.

પ્રેસિડેન્ટ. માનદ મંત્રી

સત્યમેવ જયતે
**ડૉ. નિલમ પટેલ**
**અધિક નિયામક (આરોગ્ય)**

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી,
બ્લોક નં. ૫ / ૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦, ગુજરાત.
ફોન નં.૦૭૯-૨૩૨૫૭૯૪૮ ફેક્સ નં.૨૩૨૫૪૫૪૪
Email: adir-hlt@gujarat.gov.in

પત્ર ક્રમાંક/નં- ઇપીસી-૧૭/કોવિડ-૧૯/ કામગીરી /બાબત/12001/093 તા.૨૪.૧૨.૨૦૨૨

**પ્રતિ,**
ઇન્ડિયન મેડીકલ એસોશિયેશન (IMA),
અમદાવાદ,ગુજરાત બ્રાંચ

**વિષય:-કોવિડ-૧૯ રોગચાળા અનવ્યે કામગીરી કરવા બાબત.**

વૈશ્વિક સ્તરે કોવિડ-૧૯ ના કેસોમાં ચિંતાજનક રીતે વધી રહી છે. જાપાન, અમેરિકા, દક્ષીણ કોરિયા, બ્રાઝીલ, ફ્રાન્સ અને ચીનમાં જેવા દેશોમાં કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે ભારત સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલાઓ લેવામાં આવી રહેલ છે જે અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા "ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ-વેક્સીનેશન-એપ્રોપ્રિએટ બિહેવિયર" ના સિદ્ધાંતથી આ રોગના દર્દીઓને વહેલામાં વહેલા શોધી સારવાર પર મુકવામાં આવે છે.

આથી દર્દીઓનું સમયસર નિદાન અને સારવાર મળી રહે તે માટે નીચે મુજબના પગલા લેવા જણાવવામાં આવે છે.

- કોવિડ-૧૯ દરમ્યાન આપની સંસ્થા ખાતે કાર્યરત તમામ વસ્તુઓને અપડેટ કરવી તથા ફંકશનીંગ કરવી.
- આપશ્રીની સંસ્થા ખાતેના PSA પ્લાન્ટ, લીક્વીડઓક્સીજન પ્લાન્ટ, O2 કોન્સનટ્રેટર કાર્યરત છે કે કેમ તે સુનિશ્ચિત કરવું.
- જરૂરી બાબતોનું જેમ કે, ફાયર સેફ્ટી, ઇન્સ્ટ્રુમેન્ટ સેફ્ટી ઓડીટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- તમામ વિસ્તારોમાં તેમજ ઓ.પી.ડી.માં ARI / ILI નાં કેસોનું સર્વેલન્સ સઘન કરાવવું. હોસ્પિટલ માં આવતા SARI ના સીમ્ટોમેટીક દર્દીઓનું સેમ્પલ લઇ કોવિડ-૧૯ માટે પરીક્ષણ કરવું.
- આપના તાબા હેઠળના તબીબી અધિકારી, ફીજીશ્યન, એનેસ્થેટીસ્ટ, માઇક્રોબાયોલોજીસ્ટ, લેબ.ટેક., સ્ટાફ નર્સ તથા અન્ય પેરામેડીકલ સ્ટાફને કોવિડ-૧૯ વિષે સેન્સેટાઇજ કરવા.
- હોસ્પિટલ કક્ષાએ વેન્ટીલેટર, પી.પી.ઈ. કીટ એન્ટીવાયરલ દવાઓ વગેરે પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવા તેમજ જરૂર જણાયે આઇશોલેસન વોર્ડ શરુ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
- હોસ્પિટલના સ્ટાફને કોરોના વાયારસ અંગે તેમજ ઇન્ફેકશન કંટ્રોલ પ્રેક્ટીસ અંગે તાલીમ આપવી. હોસ્પિટલ ખાતે ઇન્ફેકશન કંટ્રોલ કમિટીની મિટિંગ બોલાવી હોસ્પિટલ ખાતે બાયોમેડીકલ વેસ્ટ મેનેજમેન્ટના તમામ પગલાં નિયમોનુસાર લેવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

ઉક્ત સૂચનાનો ચુસ્તપણે અમલવારી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા વિનંતિ છે.

ડૉ. નિલમ પટેલ
અધિક નિયામક (આરોગ્ય)

નકલ સવિનય રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી વ કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ), ગાંધીનગર.
- મિશન ડાયરેકરશ્રી, એન.એચ.એમ., એન.એચ.એમ ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- ➢ વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ....... તમામ. આપના તરફથી ઉપરોકત તમામને જાણ કરી મોનીટરીંગ તથા સુપરવિઝન કરવાનું રહેશે.
- ➢ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જીલ્લા પંચાયત...તમામ, આપના તરફથી ઉપરોકત તમામને જાણ કરી મોનીટરીંગ તથા સુપરવિઝન કરવાનું રહેશે.
- ➢ આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા,....તમામ, આપના તરફથી ઉપરોકત તમામને જાણ કરી મોનીટરીંગ તથા સુપરવિઝન કરવાનું રહેશે.